ગ્રામ્યવિસ્તારના ઘર વિહોણા કુટુંબોને મકાન બાંધકામ માટે રહેણાંકના મફત પ્લોટ આપવાની યોજનામાં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવક્રમાંકઃ અવસ/૧૦૨૦૧૬/૧૨૬૬ (૭૭૦૯૧૮)/લ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ /૦૩/૨૦૧૮
13 MAR 2018

વંચાણે લીધા -

(૧)પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનોતાઃ૧૧/૦૯/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક - અવસ/૧૦૨૦૧૫/૧૦૫૨/લ

(૨) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તારીખઃ૦૧/૦૫/૨૦૧૭ નો ઠરાવ ઠરાવ ક્રમાંકઃઅવસ/૧૦૨૦૧૬/૧૨૬૬ (૭૭૦૯૧૮)/લ

**પ્રસ્તાવના:**

પંચાયત વિભાગની યોજનાઓની કામગીરીની સમિક્ષા માટે માન.રા.ક.મંત્રીશ્રી (પં)ના અધ્યક્ષ સ્થાને તા. ૨૫/૦૧/૨૦૧૮ના રોજ મળેલ બેઠકમાં, તા.૦૨/૦૨/૨૦૧૮ના રોજ વિ.ક.શ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ સાથે થયેલ વિડિયો કોન્ફરન્સ અને તા. ૦૩/૦૨/૨૦૧૮ના રોજ વિ.ક.શ્રીના અધ્યક્ષ સ્થાને નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની સમિક્ષા બેઠક મળેલ હતી. આ બેઠકોમાં સરકારશ્રીની મફત પ્લોટ અંગેની યોજનામાં જમીન વિકાસ માટે એચએસજી-૪ ની ગ્રાન્ટ હેઠળ પ્લોટ સમતળ કરવા માટે રૂ.૧૦૦૦/- આપવા અંગેનો સુધારો વિભાગના વંચાણે લીધેલ તા.૦૧/૦૫/૨૦૧૭ના ઠરાવથી કરવામાં આવેલ છે. તેમાં સુધારો કરવાની ચર્ચા થયેલ હતી. વંચાણે લીધેલ તા.૦૧/૦૫/૨૦૧૭ના ઠરાવથીજોગવાઇ કરવા છતાં જમીન વિકાસની આ ગ્રાન્ટ હેઠળ પુરતા પ્રમાણમાં ખર્ચ થયેલ નથી અને જિલ્લાઓને ફાળવેલ ગ્રાન્ટ વણવપરાયેલ પડી રહેલ છે. આ બાબતે ઉપરોક્ત ઉલ્લેખિત બેઠકોમાં થયેલ ચર્ચા મુજબ મફત પ્લોટ આપવાની યોજના હેઠળ લાભાર્થીને લેન્ડ કમિટિમાં પ્લોટ મંજૂર કરવામાં આવે ત્યારે પ્લોટ અંગે

મળવા પાત્ર રૂ.૧૦૦૦/-તરત જ મંજૂર કરવા અને ફાળવવામાં આવતા પ્લોટ માટેની જમીનમાં ખાડા-ટેકરા દૂર કરવા, જમીનમાં ઉગેલું નકામું ઘાસ/નકામા નાના ઝાડ દૂર કરીને મકાન બનાવવા પાત્ર બને અને વરસાદી પાણી ભરાય નહી તે રીતે પૂરાણ કરવા વગેરે કામો માટે રૂ.૧૦૦૦/- પ્લોટ સમતળ કરવાના ખર્ચ પેટે ફાળવણી કરવાની જોગવાઇ સુધારવાની થાય છે .જેના અનુસંધાને વિકાસ કમિશનરશ્રીની કચેરી મારફતે વિભાગને તા.૧/૦૫/૨૦૧૭ના ઠરાવમાં જોગવાઈ ક્રમાંક-૧૨(અ)માં કરવામાં આવેલ વિગતવાર જોગવાઈમાં સુધારો કરવા માટે દરખાસ્ત સાદર કરેલ હતી. આ દરખાસ્ત અનુસંધાને આ પ્રકારનો સુધારો કરવાની બાબતસરકારશ્રીમાં સક્રિય વિચારણા હેઠળ છે.

<u>ઠરાવ:-</u>

સમ્રગ વિગતોને ધ્યાને લઇને તા.૧/૦૫/૨૦૧૭ના સમાનાંકી ઠરાવમાં જોગવાઈ નં-૧૨(અ)માં નીચે મુજબના સુધારાઓ/ફેરફાર કરવાનું કાળજીપૂર્વકની વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે.

"૧૨- જમીન વિકાસ અંગે- પ્લોટની ફાળવણી કરતી વખતે એ ધ્યાન રાખવાનું રહેશે કે, રસ્તાઓ, હવા, ઉજાસ અને અન્ય સગવડો ઉપલબ્ધ થઈ શકે અને મકાન તે રીતની સગવડો સાથે અને આયોજન બધ્ધ રીતે બાંધવામાં આવે તે પણ જોવાનું રહેશે. મફત પ્લોટ આપવાની આ યોજના હેઠળ લાભાર્થીને તાલુકા લેન્ડ કમિટિમાં પ્લોટ મંજૂર કરવામાં આવે ત્યારે પ્લોટની જમીન સમતળ કરવાની જરૂર હોય તે કિસ્સામાં તરત જ રૂ.૧૦૦૦/- જમીન વિકાસ, જમીન સમતળ કરવા માટે મંજૂર કરવાના રહેશે. અને લાભાર્થીને ફાળવવામાં આવતા પ્લોટ માટેની જમીનમાં ખાડા-ટેકરા દૂર કરવા, જમીનમાં ઉગેલું નકામું ઘાસ / નાના ઝાડ દૂર કરીને મકાન બનાવવા પાત્ર બને અને વરસાદી પાણી ભરાય નહી તે રીતે પૂરાણ કરવા વગેરે કામો માટે રૂ.૧૦૦૦/-પ્લોટ સમતળ કરવાના ખર્ચ પેટે ફાળવવાના રહેશે. જમીન વિકાસ યોજના હેઠળ આવા કિસ્સામાં રાજ્ય સરકાર તરફથી પ્લોટ દીઠ રૂ.૧૦૦૦/-નો વિકાસ ખર્ચ આપવામાં આવશે. એક સાથે ગ્રામ તળના ખાડા-ટેકરાવાળી જમીન સમતળ કરવાની થાય તો ૧ હેકટર દીઠ રૂ.૫૦,૦૦૦/-ની મર્યાદામાં જમીન વિકાસ ખર્ચ આપવામાં આવશે."

વંચાણે લીધેલ (૨)ના તા.૧/૫/૨૦૧૭ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીનીતા.૨૩/૦૨/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(મનીષ મોદી)

**નાયબ સચિવ**

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીનાઅધિક અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રી / રા.ક.મંત્રીશ્રીના અંગત સિચવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(ગ્રામ વિકાસ )નાઅંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પં)નાઅંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(ગ્રામ ગૃહ નિર્માણ )નાઅંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (પં)નાઅંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- વિકાસકમિશનર, ગુજરાતરાજ્ય, ગાંધીનગર
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે વિભાગો, સચિવાલય,ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી
- સર્વે તાલુકા મામલતદારશ્રી
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- હાઉસીંગ કમિશ્નરશ્રી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સર્વે જિલ્લાના કાર્યપાલક ઇજનેરશ્રી (પંચાયત) (સંબંધિત જીલ્લા પંચાયત મારફતે જાણ કરવાની રહેશે)
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ

- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત ઠરાવ પંચાયત વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા સારુ
- શાખા સિલેક્ટફાઈલ.